વડીલોને વંદન અભિનંદન


કિશોરચંદ્ર છગનલાલ વ્યાસ
(૧૯૨૭)ફોન: ૨૩૨૧૦૫૭૯

ડાહીબેન કાંતિભાઈ પટેલ
(૧૯૪૬)ફોન: ૨૩૨૬૦૬૨૩

મુકેશભાઈ વલ્લભભાઈ ખમાર
(૧૯૫૬)ફોન: ૨૩૨૨૪૩૦૪

અકસ્માતમાં જૈન સાધુ કાળધર્મ પામતાં રોષ વ્યાપ્યો

ભરૂચ નજીક જૈન શ્રાવકોએ હાઈ-વે ચક્કાજામ કરી દીધો

બન્ને જૈન સાધુઓની પાલખીયાત્રા વખતે શ્રાવકો ક્રોધે ભરાયા : અકસ્માતના સ્થળ નજીક અગ્નિસંસ્કાર

ભરૂચ, તા. ૨

ભરૂચથી વિહાર કરીને અસુરિયા ગામ તરફ જતા બે જૈન સાધુઓને ટ્રકે અડફેટમાં લેતા બન્ને સાધુઓ કાળધર્મ પામ્યા હતા.

ગઈકાલે વહેલી સવારે બનેલી આ દુઃખદ ઘટના બાદ આજે પણ ભરૂચના જૈન સમાજમાં આક્રોશ જોવા મળ્યો હતો. અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઝાડેશ્વર અને અસુરિયા ગામ નજીક જૈન શ્રાવકોએ ચક્કાજામ કરતા પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો. પોલીસના લાઠીચાર્જથી રોષે ભરાયેલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કરાયો હતો.જૈન સમાજના અગ્રણીઓની અપીલ બાદ શ્રાવકો શાંત પડ્યા હતા. આજે બન્ને જૈન સાધુઓની પાલખી યાત્રા નીકળી હતી. અને જ્યાં અકસ્માત થયો હતો તે ઘટના સ્થળે બન્ને સાધુઓના અગ્નિસંસ્કાર કરાયા હતા.ભરૂચ નજીક ટ્રકની ટક્કરે કાળધર્મ પામનાર બે જૈન મુનિઓના મૃત્યુને પગલે દિલમાં ભારે આક્રોશ સાથે નીકળી પડેલા સમસ્ત જૈન સમાજે આજે બપોરે રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર ઝાડેશ્વર ખાતે તેમજ અસુરીયા ગામ ખાતે ધરણાં કરી ચક્કાજામ કરી દેતા મુખ્ય હાઈવે ઉપર વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. ધરણાં કરીને હાઈવે પર ચક્કાજામ કરનાર જૈન શ્રાવકો ઉપર પોલીસે લાઠી ચાર્જ કરતા જૈનો વધુ આક્રોશિત બની ગયા હતા. પોલીસના લાઠીચાર્જથી રોષે ભરાયેલા કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

જૈન મુનિઓ સાથે બનેલો બનાવ એ સામાન્ય અકસ્માત નહીં પરંતુ એક પ્રકારની હત્યા હોવાથી તે મુજબ કાર્યવાહી કરવાની માંગણી સંદર્ભે રાજ્ય સરકારે ગઈકાલથી કોઈ નક્કર પ્રતિસાદ નહીં આપતા સમસ્ત જૈન સમાજનો આક્રોશ આજે ભભૂકી ઉઠ્યો હતો. સમગ્ર રાજ્યભરમાંથી હજજારોની સંખ્યામાં જૈન શ્રાવકો આજે પાલખીયાત્રામાં જોડાયા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે ખેલ મહાકુંભની મશાલ રેલીનું બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર ખાતે આગમન થયું હતું. ત્યારે પોલીસ હેડ ક્વાટર્સ ખાતે બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી, શહેર ભાજપ પ્રમુખ મહેશભાઈ ઠક્કરે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ડી.એસ.પી. અશોક યાદવ, પ્રાંત અધિકારી એમ. બી. ઓઝા, મામલતદાર હિમાંશુ પરીખ અધિકારીઓએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જે શહેરના રાજમાર્ગો પર પરિભ્રમણ કર્યું હતું.

કાકરોલ ગામ નજીક આવેલ હોટલ સામે જાહેરનામાંના ભંગ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના કાકરોલ ગામ નજીક હાઈવે રોડ પર મંગળવારના રોજ કાકરોલના ગ્રામજનોએ રોડ પર ચેનચાળા અને બીભત્સ વર્તન કરતી ૪ યુવક યુવતીઓ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસ યુવક યુવતીઓને પકડી પાડી તેમના વિરૂદ્ધ પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યાર બાદ હિંમતનગર ટાઉન પોલીસે મોડી સાંજે રોડ નજીક આવેલ મન હોટલમાં રજીસ્ટર નહિ નિભાવતા ઉપરાંત જાહેરનામાનો ભંગ થતો હોઈ તેથી હોટલ ચલાવનાર વિકાસ મદનસિંહ પુરોહિત અને અજીતકુમાર મોહનભાઈ પુરોહિત બંને વિરૂદ્ધ ૧૮૮ મુજબ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોધ્યો હતો. પકડી પાડેલ અને બુધવારના રોજ કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી તેવું હિંમતનગર ટાઉન પોલીસમથકના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

નલીયામાં પારો ઉચકાયો પરંતુ અમદાવાદમાં વધુ ગગડી ગયો

અમદાવાદ, તા.૨

ઉત્તર ભારતમાં હિમવર્ષા યથાવત રહેતા ગુજરાતમાં ગાત્રો થીજવી નાખતી ઠંડીનો બુધવારે અનુભવ થયો હતો. બુધવારે રાજ્યના અમદાવાદ સહિત મોટાભાગના શહેરોના તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો હતો. જો કે નલિયામાં ઠંડીનો પારો ઉચકાતા લઘુતમ તાપમાન ૫.૯ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૬.૪ ડિગ્રી નોંધાયુ હતુ. જો કે તેમ છતાં નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર યથાવત રહ્યુ હતું. જ્યારે અમદાવાદનાં તાપમાનમાં ૩.૪ ડિગ્રીના ઘટાડા સાથે વર્તમાન સિઝનનું સૌથી ઠંડુ ૮.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જ્યારે મહત્તમ તાપમાન ૨૬.૦ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે અન્ય શહેરોની વાત કરીએ તો પાટનગર ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૮ ડિગ્રી, ડીસામાં ૭.૫ ડિગ્રી, વલ્લભવિદ્યાનગરમાં ૧૦ ડિગ્રી, વડોદરામાં ૧૨.૨ ડિગ્રી, સુરતમાં ૧૫.૩ ડિગ્રી, વલસાડમાં ૧૨.૬ ડિગ્રી, રાજકોટમાં ૯.૮ ડિગ્રી, અમરેલીમાં ૮.૫ ડિગ્રી, મહુવામાં ૧૧.૯ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૦.૩ ડિગ્રી, દ્વારકામાં ૧૪ ડિગ્રી, ઓખામાં ૧૯.૫ ડિગ્રી, પોરબંદરમાં૯.૪ ડિગ્રી, વેરાવળમાં ૧૩.૪ ડિગ્રી, ભાવનગરમાં ૧૩.૧ ડિગ્રી, ભૂજમાં૯.૭ડિગ્રી, કંડલા પોર્ટ ખાતે ૧૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. બુધવારે રાજ્યનાં મોટાભાગના શહેરોમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે ગગડતા લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો અને ઘરી બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. જેનાં કારણે સાંજ પછી તમામ શહેરોના રસ્તાઓ સુમસામ જણાતા હતા.

ન્યાયતંત્રમાં દેર છે પણ અંધેર નથી : શક્તિસિંહ

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં લોકાયુક્ત પદે જસ્ટિસ આરએ મહેતાની નિમણૂંકને સુપ્રીમ કોર્ટ દ્વારા બહાલી આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને ન્યાય તંત્રમાં દેર છે પરંતુ અંધેર નથી એમ કહી કોર્ટના નિર્ણયને ગુજરાતની જનતાના વિજયરૂપ ગણાવ્યો હતો.

આ અંગે પ્રદેશ કોંગ્રેસના આગેવાન શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા લોકાયુક્તની નિમણૂંકને યોગ્ય ઠેરવતા આદેશએ સત્યનો વિજય છે. ભાજપ વિપક્ષમાં હતો ત્યારે કન્સલટેશન દ્વારા લોકાયુક્તની નિમણૂંક થઈ હતી અને આ કાયદાની જોગવાઈ અન્વયે અગાઉ ત્રમ લોકાયુક્તની નિયુક્તી થઈ હતી પણ ગુજરાતના મુખ્યમંત્રી કોઈ પણ બોગે લોકાયુક્તની નિમણૂંક ન થાય અથવા વધુમાં વધુ વિલંબ થયા તે માટે એડીચોટીનું ઝોર લગાવ્યું હતું. સરકારી તિજોરીના નાણાંમાંથી લાખો રૂપિયાની ફી ખાનગી વકીલોને ચુકવવામાં આવી. રાજયના મુખ્યમંત્રી અને તેમના મંત્રીઓનો ભ્રષ્ટાચાર ખુલ્લો ન પડે તે માટે છેલ્લા આઠ વર્ષથી લોકાયુક્તની નિમણૂંક અટકાવવામાં આવી હતી.

કેન્દ્રની સરકાર સામે ભાજપ વારંવાર લોકપાલ કાયદોઅનેલોકપાલની નિયુક્તી માટે દબાણની પ્રયુક્તિ કરે છે જ્યારે બીજી બાજુ ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂંકને અટકાવવાના તમામ કાવાદાવા કરે છે. સુપ્રીમ કોર્ટના આદેશથી તમામ ગુજરાતીઓ માટે મુખ્યમંત્રી કે મંત્રીમંડળના સભ્યો સામે ભ્રષ્ટાચારની ફરિયાદો રજુ કરવાના દરવાજા ખુલી ગયા છે તેને જણાવી શક્તિસિંહ ગોહિલે ગુજરાતમાં કેગના રીપોર્ટમાં ઉજાગર થયેલ ભ્રષ્ટાચાર કે રોજબરોજ થતો ભ્રષ્ટાચાર જેવા તમામ કિસ્સાઓમાંયોગ્ય તપાસ થશેતેવી આશા વ્યક્ત કરી હતી.

ઢેકવા ગામે ટ્રેક્ટર ચાલકે યુવાનને અડફેટે લેતા યુવાનનું મોત

હિંમતનગર, તા. ૨

મેઘરજ તાલુકાના ઢેકવા ગામે એક ટ્રેક્ટર ચાલકે એક યુવાનને ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડતા યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. જે અંગે ઈસરી પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ તાલુકાના ઢેકવા ગામની સીમમાં ગતરોજ વહેલી સવારે એક ટ્રેક્ટર (નંબર - આર.જે.-૧૨-આર.પી.૪૬૫)ના ચાલકે પુરઝડપે ટ્રેક્ટર હંકારી ચચીમાંભાઈ બાબુભાઈ કલાસવા નામના ૩૫ વર્ષીય યુવાનને અડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. મૃતકના મોત અંગે અરવિંદભાઈ કલાસવાએ ઈસરી પોલીસમથકમાંફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરની આદર્શ શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે વિશ્વ મંગલમ્ કેળવણી મંડળ સંચાલિત આદર્શ હાયર સેકન્ડરી સ્કૂલ ઓફ સાયન્સના ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા કચ્છ દર્શનનો શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ, માંડવી, નારાયણ સરોવર, કોટેશ્વર તથા કંડલા બંદર જેવા ઐતિહાસિક તેમજ જ્ઞાનવૃદ્ધી થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય તુલસીભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ પટેલ નરેન્દ્રભાઈ અને શ્યામ સુંદરભાઈ મહેતાએ આયોજન કરેલ. સાથે જ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત અને માર્ગદર્શન આપ્યું હતું.

આજે ગાંધીનગરમાં પ્રદેશ ભાજપની મહત્વની બેઠક

બેઠકમાં સંગઠન પર્વ, જિલ્લાપંચાયત અને નગરપાલિકાની ચૂંટણી સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની એક મહત્વપૂર્ણ બેઠક ગુરૂવારે ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે મળશે. પ્રદેશ પ્રમુખ આરસી ફળદુની અધ્યક્ષતામાં યોજાનાર આ બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરષોતમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષજી સહિતના પ્રદેશ ભાજપના આગેવાનો ઉપસ્થિત રહેશે. આ અંગે માહિતી આપતા ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ગુજરાતની જનતાએ નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં વિશ્વાસ રાખી ભાજપને જંગી બહુમતિથી વિજયી બનાવ્યો છે આ વિજય વાતાવરણમાં આજે પ્રદેશ ભાજપની મહત્વની બેઠક પ્રદેશ પ્રમુખ આરસી ફળદુની અધ્યક્ષતામાં મળશે. ગાંધીનગર ખાતે વિધાનસભાની ચૂંટણી બાદ યોજાનારી આ મહત્વની બેઠકમાં સંગઠન પર્વ, જિલ્લાપંચાયત અને નગરપાલિકાની આવી રહેલી ચૂંટણી સહિતના મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારો, વિવિધ મોરચાનાં પ્રમુખ, સહિતના પ્રદેશ કન્વીનર, સહ-કન્વીનરો, જિલ્લા ઈન્ચાર્જ તેમજ જિલ્લા પ્રમુખ, મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે.

સાગર અકાદમી દ્વારા ઉજ્જૈનમાં લોક ડાયરો યોજાયો

હિંમતનગર, તા. ૨

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના સાંસ્કૃતિક વારસાની જાળવણીના હેતુથી ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ માટે મધ્યપ્રદેશના ઉજ્જૈન સ્થિત ગુજરાત સમાજ ખાતે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં ગુજરાતી બંધુઓ હાજર રહ્યા હતા. આ લોક ડાયરાને ગુજરાત બી હાઈ ગ્રેડના કલાકારોએ સાહિત્ય લોકગીત, ભજન, દુહા, છંદની રમઝટ બોલાવી સૌના મન મોહી લીધા હતા. આ પ્રસંગે સાગર અકાદમી હિંમતનગરના પ્રમુખ ભરતભાઈ વ્યાસે ગુજરાત સરકારની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

ગુજરાત બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ જણાવ્યું કે વર્ષે ૨૦૧૧ની સમીટથી રાજ્ય સરકારે યુવા વિકાસ, કૌશલ્ય નિર્માણ દ્વારા રોજગારી તેમજ મહિલા સ્વાવલંબન અને હરિત ઉર્જા જેવા નવોન્મેશી મુદ્દાઓ ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સમીટ દ્વારા જ્ઞાન આધારિત વ્યૂહાત્મક સહભાગીતા પ્રેરિત કરીને વિકાસના અનેક નવા અવસરોનું રાજ્યમાં નિર્માણ થશે એવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગુણવત્તાયુક્ત રોજગારીનું સર્જન કરવું એ આ સમિટનાં મુખ્ય ઉદ્દેશો પૈકીનું એક છે. આ હેતુસર લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસ માટે આ સમિટમાં વિશેષ ભાર મૂકવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો આ સમીટનું મુખ્ય આકર્ષણ રહેશે. દસ હજાર ચો.મીટર વિસ્તારમાં ફેલાયેલા આ શો માં ૧૪ દેશોના ૨૫ ક્ષેત્રોની ૧૦૦૦થી વધુ કંપનીઓ ભાગ લેશે. આ ઉપરાંત વિશ્વભરમાં સંભવિત સૌ પ્રથમ વખત સોના-ચાંદી અને હીરાથી સુશોભિત મોટરકાર આ પ્રદર્શનમાં સૌનું ધ્યાન ખેંચશે. આ મોટરકારની સ્થળ ઉપર હરાજી કરીને તેની રકમ મુખ્યમંત્રીના રાહત ફંડમાં દાન કરવામાં આવશે.

વોર્ડ બનાવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અંગેનો કંટ્રોલરૂમ અને અલાયદો વોર્ડ તેમજ ૧૦૮ની બે એમ્બ્યુલન્સ પણ સ્થળ પર જ રહેશે. ૧૦૮ની બે એમ્બ્યુલન્સ પૈકીની એક એમ્બ્યુલન્સ તો ૪થી જાન્યુઆરીથી પ્રદર્શન સ્થળે રહેશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૨૦ પથારીની સુવિધા ધરાવતો અલાયદો વોર્ડ બનાવવામાં આવશે. આ વોર્ડ પણ ૭મીથી શરૂ થઈ જશે.

લોકાયુક્ત નિમાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નામદાર રાજ્યપાલે નિયુક્ત કરેલા જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂકને રાજ્ય સરકારે અદાલતમાં પડકારી હતી. બુધવારે સુપ્રીમ કોર્ટમાં જસ્ટીસ બી.એસ.ચૌહાણ અને જસ્ટીસ એફ.એમ.ઈબ્રાહિમ ખલિફુલ્લાહની બેન્ચે ગુજરાત સરકારની અરજી કાઢી નાંખી હતી અને રાજ્યપાલ દ્વારા નિયુક્ત કરાયેલા નિવૃત્ત જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂકને વ્યાજબી ઠેરવી છે, જેથી મોદી સરકારને ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે રાજ્યપાલે રાજ્ય સરકાર સાથે મસલત કરીને જ કામ કરવાનું હોય છે છતાં આ નિમણૂક વ્યાજબી છે કારણ કે તેમાં રાજ્યપાલે ગુજરાત હાઈકોર્ટ સાથે ચર્ચા કરી છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આર.એ.મહેતાએ ટીવી ચેનલને જણાવ્યું હતું કે દરેક રાજ્યમાં લોકાયુક્ત હોવા જોઈએ. તેમણે સુપ્રીમના ચૂકાદા પર કોઈ ટીપ્પણી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે, જો કે તેમણે કહ્યું હતું કે લોકાયુક્તની બાબત કોર્ટમાં હતી તેથી અત્યાર સુધી કોઈને કંઈ કહ્યું નથી અને અત્યારે પણ કંઈ કહેવાનું નથી. પદ સ્વીકારવાની બાબતે પણ તેઓ કંઈ કહેવાનો ઈન્કાર કરે છે.

સચિવાલયના સૂત્રો જણાવે છે કે લોકાયુક્તની નિમણૂક બાબતે હવે સરકારે નોટીફિકેશન ઈસ્યુ કરવાનું થાય છે. રાજ્યના કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું હતું કે સુપ્રીમના ચૂકાદાનો અમે અભ્યાસ કરી રહ્યાં છીએ. સુપ્રીમે રાજ્ય સરકારની એવી રજૂઆતને સ્વીકારી છે કે રાજ્યપાલે મુખ્યમંત્રી અને મંત્રીપરિષદ સાથે વિચાર વિમર્શ કરવો જોઈએ. અભ્યાસ પછી આગળની કાર્યવાહી કરાશે.

કોંગ્રેસ આ ચૂકાદાને આવકાર્યો છે અને કહ્યું છે કે ગુજરાતમાં નવ વર્ષના લાંબા સમય પછી હવે લોકાયુક્ત મળશે. માહિતી પ્રસારણ મંત્રી મનીશ તિવારીએ કહ્યું હતું કે આ ચૂકાદાના કારણે ભાજપના બેવડા ધોરણો ખુલ્લા પડ્યા છે. એક તરફ ગુજરાત સરકાર લોકાયુક્તની નિમણૂક કરતી નથી અને બીજી તરફ લોકપાલના મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કરે છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ શક્તિસિંહ ગોહિલ અને શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે ગુજરાતમાં હવે લોકાયુક્તની નિમણૂક થયા બાદ મોદી સરકારના છેલ્લા ૧૧ વર્ષના ભ્રષ્ટાચાર ખુલ્લા પડશે.

ઉલ્લેખનીય છે કે આઠ વર્ષથી ગુજરાત સરકારે લોકાયુક્તની નિમણૂક નહીં કરતાં રાજ્યપાલે બંધારણ દ્વારા મળેલી વિશેષ સત્તાના આધારે જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂક કરી હતી, જેને સરકારે પ્રથમ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી. હાઈકોર્ટમાં જસ્ટીસ સોનિયાબેન ગોકાણીએ કહ્યું હતું કે રાજ્યપાલે કરેલી નિમણૂક ગેરબંધારણીય છે, જ્યારે જસ્ટીસ કુરેશીએ નિમણૂકને વ્યાજબી ઠેરવી હતી, ત્યારબાદ ત્રીજા જસ્ટીસ વી.એમ.સહાયે પણ રાજ્યપાલની નિમણૂકને યોગ્ય ઠેરવી હતી.

ખંડિત ચૂકાદા સામે રાજ્ય સરકારે હાઈકોર્ટના ચૂકાદાને સુપ્રીમમાં પડકાર્યો હતો જેનો આજે ફેસલો આવી ગયો છે. રાજ્યમાં ૨૦૦૩માં જસ્ટીસ એસ. એમ. સોનીની ટર્મપૂરી થયાના ત્રણ વર્ષપછી એટલે કે ૨૦૦૬માં રાજ્ય સરકારે લોકાયુક્તની નિમણૂકની પ્રક્રિયા હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ જસ્ટીસ વ્યાસનું નામ મૂક્યું હતું જેની સામે વિપક્ષના નેતાએ અન્ય એક નામ સૂચવ્યું હતું છતાં વ્યાસનું નામ ફાઈલન કરી ફાઈલ ગવર્નર હાઉસમાં મોકલી આપવામાં આવી હતી. ૨૦૦૯માં પત્રાચાર પછી ગવર્નરે રાજ્ય સરકારને ફાઈલ પરત મોકલી એવું જણાવ્યું હતું કે જસ્ટીસ વ્યાસે અન્યત્ર પદ સ્વીકારી લીધું હોવાથી તેઓ આ પદ ધારણ કરી શકે નહીં.

૨૦૧૦માં ફરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ હાઈકોર્ટને પત્ર લખી ત્રણ નિવૃત્ત ન્યાયાધીશોના નામ માગ્યા હતા અને ચર્ચા શરૂ કરી હતી. અલબત્ત, વિપક્ષના નેતા આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં ન હતા. છેવટે સરકાર દ્વારા ગવર્નરને નામો સૂચવવામાં આવ્યા હતા પરંતુ રાજ્યપાલે કહ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશે માત્ર એક જ નામની ભલામણ કરવાની હોય છે. છેલ્લે ડિસેમ્બરમાં એક નામની ભલામણ કરવામાં આવી હતી જેના આધારે વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું જે આર.એ.મહેતાનું હતું, જો કે સરકારે આ નામ સાથે સંમતિ બતાવી ન હતી અને સરકાર ગુજરાત હાઈકોર્ટમાં ગઈ હતી.

આર.એ.મહેતા ના નામનો વિરોધ હોવાથી સરકારે હાઈકોર્ટમાં ગવર્નરને પ્રતિવાદી તો બનાવ્યા પરંતુ લીગલ ફાઈટ એટલી લાંબી ચાલી કે છેવટે સુપ્રીમ કોર્ટ પીક્ચરમાં આવી અને આજે બુધવારે નવી સરકારની બીજી કેબિનેટના સમયે જ ચૂકાદો આપી દીધો છે.

શબ્દાવલી - ૪૯૪૦



આડી ચાવી

૧. મેહુલીયો, આવરે... (૪)
૩. અજવાળુ, ઉજાસ (૩)
૬. માથામાં પડે (૨)
૮. ... જમીનને જોરૂ એ ત્રણેય કજીયાના છોરૂં (૨)
૯. વહિવટદાર, અધિકારી (૬)
૧૨. મોજૂદગી, હાજરી-સચ્ચાઈ (૩)
૧૪. હળવું..., જડવું (૩)
૧૫. ... કુલરિતી સદા ચલી આઈ, પ્રાણ જાયે પર... (૨)
૧૭. એક ઘરેણું (૩)
૧૯. મોચી, ચામડાનું કામ કરનાર (૨)
૨૦. મોજ, આનંદ
૨૧. હાવભાવ (૨)
૨૩. કાપડના ડ્રેસમાં ગળાનો ભાર (૨)
૨૪. ભૌગોલિક સ્થાન દર્શાવતો મેપ
૨૫. વિચાર કરતી ઈન્દ્રિય (૨)

ઊભી ચાવી

૧. મુરતીયાને કન્યા પહેરાવે તે હાર (૪)
૨. ... વર્ગના નેતા બાબાસાહેબ આંબેડકર છે (૩)
૪. કાર્ય (૨)
૫. લાજ, લજ્જા (૩)
૭. રમતમાં દાવ આપી આપીને ખુબ..., ઉદરાન કરવું (૪)
૧૦. છુઈમુઈ, લાજવંતી (૪)
૧૧. પ્રસ્તુત કરવું, ... કરવું (૨)
૧૩. લાગો, કર (૪)
૧૬. ઘુરકીયા કરવા (૪)
૧૭. પાલવ (૩)
૧૮. મશ્કરી - ઠઠ્ઠા (૩)
૨૨. કિંમત - ભાવ (૩)

શબ્દાવલી ૪૯૩૯ના જવાબ

આડી ચાવી :- (૧) જેસલતોરણ (૬) સર (૭) ડણક (૮) રણકો (૧૦) ધડાકો (૧૨) બાટી (૧૩) અમાસ (૧૫) આરામ (૧૭) પખવાજ (૧૯) ગરક (૨૧) રૂખસદ (૨૨) જકાત

ઊભી ચાવી :- (૧) જેઠીમધ (૨) લસરકો (૩) તોરણ (૪) લડ (૫) નાકલીટી (૯) કોણમાપક (૧૧) ડાફેરા (૧૪) સખ (૧૫) આકરૂ (૧૬) મગસ (૧૮ વાયકા (૨૦) રદ્દ

કંપની સમાચાર

કવૉલીટી એન્ફોર્સમેન્ટ ઈન ફુડ સેકટર સેમીનાર યોજાશે

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજયના ઉપકમે કવૉલીટી એન્ફોર્સમેન્ટ ઈન ફુડ સેકટર સેમીનારનું આયોજન તા. ૩જી જાન્યુઆરીના રોજ હોટેલ પ્રાઈડ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ સેમીનારનો મુખ્ય હેતુ ગુજરાત રાજયની ફુડ ઈન્ડ્રસ્ટ્રીઓમાં અદ્યતન ટેકનોલોજી તથા ફુડ પ્રોસેસીંગ તથા ક્વોલીટી કંટ્રોલનું જ્ઞાન મેળવી દેશભરમાં તેમજ દુનિયાના બીજા દેશોમાં બ્રાન્ડ ગુજરાત સાથે ગુણવત્તા યુક્ત અને સેઈફ ફુડનું વેચાણ કરી શકે. આ સેમિનાર દરમિયાન દેશભરમાંથી ફુડ સેકટરના વિષયોક્ત તજજ્ઞો દ્વારા ડિસકશન કરવામાં આવશે. આ સેમિનારમાં ગુજરાત રાજયના ખાદ્યચીજોના ઉત્પાદકો તથા પ્રોસેસર્સ હાજર રહીને ઉપરોક્ત વિષયોની જાણકારી મેળવશે. ઉદ્‌ઘાટન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય હસ્તે થશે. આ સેમીનારમાં રાજયકક્ષાના મંત્રીશ્રી પરબતભાઈ પટેલે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અધિક મુખ્ય સચિવશ્રી રાજેશ કિશોર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રી સાહુ, સચિવ શ્રી ઉદ્યોગ વિભાગ તથા ડૉ. સુરીન્દર એસ. ઘોનક્રોકટા ડાયરેકટર (એન્ફોર્સમેન્ટ) ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઑફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી વગેરે મહાનુભાવો આ સેમીનારને સફળ બનાવવા હાજરી આપશે તથા પ્રસંગ અનુરૂપ પ્રવચન પણ આપશે.

સિમ્સ દ્વારા દવા છોડતી, ઓગળી જાય તેવા સ્ટેન્ટની મલ્ટી સ્ટેન્ટ સાથે ભારતમાં સૌ પ્રથમ વાર રજૂઆત

દર્દીઓને નવતર પ્રકારની આરોગ્યલક્ષી સર્વિસીસ પૂરી પાડવાની દ્રઢ માન્યતા ધરાવતી સિમ્સ હોસ્પિટલ દ્વારા જ્યારે આ સપ્તાહમાં વધુ એક સિમાચિહ્ન હાંસલ કરવામાં આવ્યું છે. સિમ્સ હોસ્પિટલના વિશ્વમાં જાણીતા ઈન્ટરવેનશનલ કાર્ડિયોલોજીસ્ટ ડો. કેયુર પરીખે બાયપાસ સર્જરી કરવી પડે તેમ હતું તેવા યુવાન દર્દીને ભારતમાં સૌપ્રથમ વાર જાતે ઓગળી જાય તેવી ૩ બાયો-એબસોર્બેબલ સ્ટેન્ટ (કે જેને 'સ્ટેફોલ્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.) અને એક આંતરરાષ્ટ્રીય દર્દી કે જેણે પોતાનો પુત્ર અમેરિકામાં (કારણકે આવાં સ્ટેન્ટ હજુ અમેરિકામાં પણ ઉપલબ્ધ નથી) હોવા છતાં પણ અગાઉ વપરાતી ધાતુની સ્ટેન્ટને બદલે ૨ ઓગળી જાય તેવી સ્ટેન્ટ નંખાવવાનું પસંદ કર્યું. એબસોર્બ નામની ઓગળી જાય તેવી સ્ટેન્ટની વેરાયટી હેલ્થકેર ઉદ્યોગમાં તદ્દન નવું સંશોધન છે અને તે દવા છોડતી વિશ્વની પ્રથમ બાયોરેસોરબેબલ વાસ્ક્યુલર સ્કેફોલ્ડ છે.

તબીબી જગતની આ નવિનતા અંગે વાત કરતાં સિમ્સ હોસ્પિટલના વિશ્વમાં જાણીતા ઈન્ટરવેનશનલ કાર્ડિયોલોજીસ્ટ અને મલ્ટીપલ ન્યુ ડિવાઈસ રિસર્ચ ટેકનોલોજીસ્ટ ડો. કેયુર પરીખે જણાવ્યું કે' આ પ્રથમ મલ